ગાંધીનગર સમાચાર

# મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા ખાતે 'વિશ્વ સાક્ષરતા દિવસ'ની ઉજવણી કરાઈ




ચિલોડા, તા. ૧૧

ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્દી વર્ષ અને રાષ્ટ્રીય સેવા યોજનાના ૫૦ વર્ષની ઊજવણી પ્રસંગે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમ અને કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા રાજય કક્ષાના વેબીનારનું આયોજન કરવમાં આવ્યું હતું. ૮મી સપ્ટેમ્બર વિશ્વ સાક્ષરતા દિવસની ઊજવણી નિમિત્તે 'સાક્ષરતા અને ગાંધીવિચાર' વિષય પર ચર્ચા કરવામાં આવી હતી.

આ કાર્યક્રમમાં અધ્યક્ષ તરીકે કુલનાયક ડૉ. અનામિક શાહે ઉપસ્થિત રહી 'સાક્ષરતા અને ૨૧મી સદીમાં બદલાતા પ્રવાહ સાથે તાલમેલ મેળવવા કસમકસ કરવી પડશે તે પ્રકારની વાત મૂકી આવનાર સમયમાં સજ્જતા કેળવવાની વાત કરી હતી.'

કા. કુલસચિવ પ્રો. ડો. ભરતભાઈ જોષી (પાર્થ મહાબાહુ) એ ગાંધીજીના ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કાર્યથી કેળવણી સાક્ષરતા અને સમાજ સાથેના વ્યક્તિ વિશેષના અનુબંધની વાત મૂકી સાદૃષ્ટાંત સાક્ષરતાની જયોતથી સમાજજીવનની જળહળતાની વતા કરી હતી. લોકભારતી સરોસણાના મેનેજિંગ ટ્રસ્ટી અને ગૂજરાત વિદ્યાપીઠના પૂર્વ કુલનાયક ડૉ. અરુણભાઈ દવે એ નવી શિક્ષણનીતિના છ આયામો અને સાક્ષરતા થતી 'હેપ્પીનેશ ઈન્ડેક્ષ' એટલે કે સામાન્ય માણસના આસપાસના વાતાવરણ સાથે સાયુજય સાધી માનવીય સુખાકારીમાં વધારો થાય તેમ કહી ફિનલેન્ડ દેશનું દૃષ્ટાંત ટાંકી ખૂબ જ સુંદર મનનીય વકતવ્ય આપ્યું હતું. કાર્યક્રમની શરુઆતમાં ભૂમિકા બાંધતા સંયોજક રમેશભાઈ પટેલે વિદ્યાપીઠ દ્વારા સાક્ષરતા અભિયાન, તેમાં ઉપયોગમાં લેવાયેલા ગીતો, સૂત્રો, ટાંકીને વાત મૂકી હતી.

રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડૉ અરુણભાઈ ગાંધી એ સ્ત્રી શિક્ષણના વ્યાપ ઉપર ભાર મૂક્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા સંયોજક રમેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ડૉ. મોતી દેવુ, ડૉ. દિવ્યેશ ભટ્ટ, ડૉ. પ્રવિણ દુલેરા અને વિશાળ માંગરોળિયાએ જહેમત ઉઠાવી હતી.



ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ દ્વારા શિક્ષક દિન નિમિત્તે રંગપૂરણી સ્પર્ધા (Colouring Competition) નું આયોજન કરવામાં આવ્યું હતું. તદ્ ઉપરાંત બાળકોએ શિક્ષક ગણ માટે વિવિધ પ્રકારના કાર્ડ બનાવી અને શ્લોક બોલી પોતાની ભાવનાઓ વ્યક્ત કરી હતી.

## ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા

# 'રોગ પ્રતિકારક શક્તિ વધારવાની વ્યૂહરચના: કોવિડ-૧૯' વિષય પર વેબીનાર યોજાયો

ચિલોડા, તા. ૧૧

૯ સપ્ટેમ્બરે ગૂજરાત વિદ્યાપીઠ શતાબ્ધી વર્ષની ઊજવણીના ભાગરુપે આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરા રાષ્ટ્રીય સેવા યોજના એકમ તથા કાર્યક્રમ અધિકારી પ્રશિક્ષણ કેન્દ્ર ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા આયોજિત રાજય સ્તરીય વેબીનારનું આયોજન કરવામાં આવ્યું હતું. આ વેબીનારમાં વિષય 'રોગ પ્રતિકારક શક્તિ વધારવાની વ્યૂહ રચના - કોવિડ-૧૯' પર ચર્ચા કરવામાં આવી હતી.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થનાથી કરી. સ્વાગત પ્રવચન મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના સંયોજક રમેશભાઈ પટેલે કર્યુ અને સાથે સાથે તેમણે રોગ પ્રતિકારક શક્તિ વધારવા કેવો ખોરાક ખાવો જોઈએ તથા તંદુરસ્ત રહેવા માટેના ઉપાયોની ચર્ચા કરી. રાષ્ટ્રીય સેવા યોજનાના સંયોજક ડૉ.અરુણભાઈ ગાંધીએ પ્રાસંગિક ઉદ્‌બોધનમાં ગાંધી વિચારની વાત મૂકી તેમાં આશ્રમની કેળવણી, કોરોનાના સમયમાં સ્વાસ્થ્ય કવી રીતે સાચવવું અને તેની આંકડાકીય વિગતો આપીને તથા ઉદાહરણો સાથે પ્રતિકાર કરવાની શક્તિ અને અર્થવ્યવસ્થા વિશે ચર્ચા કરી હતી. આવી ગંભીર બીમારીના સમયમાં સાવચેતી રાખવાના પગલાઓની ચર્ચા કરી હતી. ડૉ.શેતલ બડોદિયાએ કાર્યક્રમની રૂપરેખા અને ભૂમિકા રજૂ કરી તેમણે જાણાવ્યું કે પોષણ માસની શરૂઆત




કેવી રીતે થઈ અને શા માટે ઉજવવામાં આવે છે રાષ્ટ્રીય પોષણ સપ્તાહ ઉજવવા, પોષણનું મહત્વ વિશે ભૂમિકા બાંધી હતી.

કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ભારત સરકારના સુચના અને પ્રસારણ મંત્રાલયના પ્રાદેશિક જનસંપર્ક બ્યુરોના ડૉ.ધીરજ કાકડિયા ઉપસ્થિત રહ્યા અને તેમણે અધ્યક્ષીય પ્રવચનમાં ભગવદ્ ગીતા ગાંધીજીએ ઉપવાસ અને ગાંધી વિચારના ઉદાહરણો આપી સાત્વિક ખોરાક લેવાથી વિચારો સારા આવે છે ગાંધીજીએ ઉપવાસ દ્વારા દેશના લોકોની રાષ્ટ્રીય ચેતનાને જાગૃત કરવાનું કાર્ય કર્યુ હતું, મન ઉપર તેની અસર, ઉપવાસનું મહત્વ તથા આપણા શરીરને બચાવવા માટે કોરોના મહામારીમાં શું કરવું જોઈએ તે વિશે ચર્ચા કરી.

તેમણે હળદર શુંઠ, તુલસીના પાન, મરીનો પાવડર, હર્બલ ટી વગેરે બાબતોને સાંકળી રોગ પ્રતિકારક શક્તિ વધારવા વિશે માર્ગદર્શન આપ્યું. મુખ્ય વક્તા તરીકે ધારાબેન એ આહાર અને રોગ પ્રતિકારક શક્તિ વિષય પર વ્યાખ્યાન આપ્યું. તેમણે રોગના મૂળ સુધી પહોચવાની વાત કરી અને કે રોગપ્રતિકારક શકિત ઓછી થાય છે તેના કારણો અને રોગપ્રતિકારક શક્તિ વધારવા શું કરવું જોઈએ તેના ઉપાયો વિશે ચર્ચા કરી હતી. શ્રી આકૃતિબેન પામાનીએ 'પોષણ અને પૌધે' વિષય પર વાત કરી. કિચન ગાર્ડન કેવી રીતે બનાવવો, છોડના પ્લાન્ટ કરવાથી કેવા ફાયદાઓ થાય છે. તેની વાત કરી. લીલી ચા, ફુદીનો, મેથી, કારેલા, હળદર, તુલસી, અલસીની ગાંઠ વગેરે વિશે તેના ફાયદાઓ અને ગુણધર્મો વિશે ચર્ચા કરી તેના માંથી મળતા પોષણ વિશે જણાવ્યું હતું. વક્તા ડૉ.નિરજ સિલાવટએ વ્યાયામ અને રોગ પ્રતિકારક શક્તિ' વિષય પર વાત કરી. આ કાર્યક્રમનું આભાર દર્શન ડૉપ્રવિણ દુલેરાએ કર્યુ. સમગ્ર કાર્યક્રમનું સુંદર સંચાલન મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ સાદરાના રાષ્ટ્રીય સૈવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉ.મોતી દેવું એ કર્યુ હતું. આ કાર્યક્રમમાં ગુજરાતમાંથી અધ્યાપકો સંશોધકો, વિષય રસિકો, વિદ્યાર્થીઓ ગૂગલ મિટના માધ્યમથી જોડાયા હતા.

# ફેકલ્ટી ઓફ એજ્યુકેશનમાં ઓનલાઈન શિક્ષક દિન ઉજવાયો




ગાંધીનગર, તા. ૧૧

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન ફેકલ્ટી ઓફ એજ્યુકેશન સેક્ટર-૨૩, ગાંધીનગરની આર.એચ. પટેલ ઈંગ્લીશ મીડીયમ બી. એડ. કોલેજમાં ફેકલ્ટી ઓફ એજ્યુકેશનના ડીન પ્રો. વીણાબેન પટેલના માર્ગદર્શન હેઠળ ૫મી સપ્ટેમ્બરે ઓનલાઈન શિક્ષક દિનની ઉજવણી કરવામાં આવી હતી.

ભારતના પૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણની જન્મજયંતિ પ્રસંગે શિક્ષકદિનની ઉજવણી કરવામાં આવે છે,તેને ધ્યાનમાં રાખીને સેમેસ્ટર-૩ના તાલીમાર્થીઓએ સેમેસ્ટર-૧ના વિદ્યાર્થીઓને વિવિધ વિષયોનો ઓનલાઈન અભ્યાસ કરાવ્યો હતો.અને શિક્ષકનું સમાજમાં મહત્વ શું છે? ચાણક્યની શિક્ષણ નીતિ, વર્તમાન સમયમાં શિક્ષક સમાજમાં કેવાપ્રકારનું પરિવર્તન લાવી શકે છે?તેના વિશે વિદ્યાર્થીઓએ પોતાના વિચારો વ્યક્ત કર્યા હતા. કોલેજના એચ. ઓ. ડી. ડૉ.કુસુમબેન યાદવે આજના પ્રવર્તમાન સમયમાં કોરોના જેવી મહામારીમાં પણ શિક્ષણ અટકતું નથી. પણ શિક્ષકો પોતાની જવાબદારીથી સભાન રહીને શિક્ષણ આપતાજ રહે છે તેમ જણાવી નવી શિક્ષણનીતિ-૨૦૨૦ સંદર્ભે શિક્ષકની જવાબદારીઓ વિશે જણાવી આજના દિવસ માટે શિક્ષક બનેલા દરેક તાલીમાર્થીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમાં કોલેજના અધ્યાપકો પણ ઓનલાઈન ઉપસ્થિત રહ્યા હતા.

# જન્મદિને વધામણી



ઉમાકાંત ભીલ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



લતાબેન વી પટેલ
આસી. ટિચર (સે-૧૬)
મો. ૯૪૨૭૦ ૪૯૫૮૨



પ્રજાપતિ કૃપાલ પ્રવીણભાઈ
મો. ૯૮૯૮૭ ૩૫૨૪૪



જાનસી દ્રોણકુમાર પંડ્યા



જય દિનેશભાઈ પટેલ
મો. ૮૪૯૦૮ ૩૧૧૬૧

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.

- સંપાદક

# કોઈ એક કારકિર્દી પસંદ કરવામાં તકલીફ પડે છે... શું કરવું?



**કરિયર કોર્નર**
કારકિર્દી માર્ગદર્શન પ્રશ્નમંચ
**હાર્દિક કે પરીખ**

નમસ્કાર. "કરિયર કોર્નર" કૉલમ ને વાચકમિત્રો તરફ થી ખૂબ જ સારો પ્રતિસાદ પ્રાપ્ત થઈ રહ્યો છે. વિદ્યાર્થીઓ, વાલીઓ અને દરેક વાચકમિત્રો ને કરિયર વિષે અને કરિયર ને લગતા વિવિધ વિકલ્પોની માહિતી આપવી એજ અમારો મુખ્ય ઉદ્દેશ્ય છે.આપના કરિયરને લગતી કોઈ પણ મૂંઝવણ હોય એને દૂર કરવાનો અમે સતત પ્રયાસ કરીએ છીએ.

હવે આપ અમને ફેસબુક પર કરી શકો છો: facebook.com/HardikParikhOfficial પર.

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજજ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.

**૧. મે ધોરણ ૧૨ કોમર્સમાં અભ્યાસ કરેલ છે. મને તાજેતરમાં જ એક નવા કોર્સ એક્ચુઅરી વિષે જાણ થઈ છે. તો આપ મને આ કોર્સ વિષે માહિતી આપશો.**

**- દુષ્યંત રાઓલ, ગાંધીનગર**

જી, બિલકુલ આપની જેમ ઘણા વિદ્યાર્થીઓને આ કોર્સ વિષે માહિતી નથી. એક્ચુઅરી એટ્લે કે વીમા નિષ્ણાંત જે વીમા પોલીસીઓની ડિઝાઈન અને તેનું આકલન કરે છે. આપવાપાત્ર નાણાંકિય વાયદાઓ લાભો મુજબ ફંડની દેખરેખ રાખે છે, યોગ્ય બોનસરેટની ભલામણ કરે છે, વીમા વ્યાવસાયનું વિશ્લેષણ કરે છે, સોલવન્સી માર્જિન અને કાયદાકિય જવાબદારીઓને સુનિશ્ચિત કરે છે,નફા નુકશાન વગેરે જુએ છે. તેઓ વૈજ્ઞાનિક ઢબે જોખમો અને પ્રિમિયમની ગણતરી કરે છે. જો અન્ય પ્રોફાઈલની વાત કરીએ તો તેઓ જન્મ, મરણ, લગ્ન, વાલિપણું, રોજગાર વગેરે સબંધી આંકડાકિય વિગતોનું સંકલન કરે છે અને ક્રમાનુસાર ગોઠવે છે. તેમજ વિશ્લેષણ માટે જરૂરી સબંધીત માહિતીઓ એકઠી કરે છે. તેઓ



શક્યતાઓને ચકાશે છે અને જે તે ઘટનાનું આર્થિક મુલ્યાંકન કરે છે જેમકે મરણ, વિકલાંગતા, નિવૃતી, અકસ્માત કે કુદરતી આપતિ વગેરે.તથા તેઓ વીમા કંપનીના અનેક વિભાગોમાં કાર્યરત હોઈ શકે છે જેમકે સેલ્સ, સર્વિસ, અંડરરાઈટીંગ, ગ્રુપ ઈન્સ્યોરન્સ, પેન્સન પ્લાન વગેરે.. તેઓ સ્વાસ્થય વીમો (હેલ્થ ઈન્સ્યોરન્સ), જીવનવીમો (લાઈફ ઈન્સ્યોરન્સ), મિલકત અને અકસ્માત વીમો (પ્રોપર્ટી અને કેજ્યુલ્ટી ઈન્સ્યોરન્સ), રોકાણ ક્ષેત્ર, કંપની માટે નવી વ્યુહરચનાઓ કે નીતિઓ બનાવવી જે વ્યાવસાયના તમામ પાસાઓના જોખમ વિશે ચકાસણી કરવામાં નિપુણ હોય છે. આપ અવશ્ય આ ક્ષેત્રમાં આગળ વધી શકો છો પણ એના માટે આપની પાસે અમુક સ્કિલ એટ્લે કે કુશળતા હોવી જરૂરી છે. જેમ કે ગાણિતિક બૌધિક કુશાગ્રતા, કોમ્પ્યુટર કુશળતા, વ્યાપાર સબંધી જાગ્રુતી, ટીમમાં કાર્ય કરવાની ક્ષમતાં, વિશ્લેષણ , કરવાની વૈચારીક શકતિ, સમસ્યાનો હલ શોધવાની ક્ષમતાં, લેખન અને વક્તુત્વ કળા, ઉતરદાયી (જવાબદાર) વગેરે. આ ક્ષેત્રમાં રોજગારીની તકોની વાત કરીએ તો સ્વાસ્થય વીમો (હેલ્થ ઈન્સ્યોરન્સ), જનરલ, ઈન્સ્યોરન્સ,જીવનવીમો (લાઈફ ઈન્સ્યોરન્સ), રી એસ્યોરન્સ કંપનીઓ, કન્સલટીંગ પેઢીઓ, સરકારી વિભાગોમાં આપ સારી જગ્યા પ્રાપ્ત કરી શકો છો. અભ્યાસની વાત કરીએ તો આપ ધોરણ ૧૨ કોમર્સ બાદ ઈકોનોમી અથવા ગણિતના વિષય સાથે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરી આપ ચોક્કસ આગળ વધી શકો છો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

**૨. હું ધોરણ ૧૨માં અભ્યાસ કરું છું. મને એ વસ્તુમાં ખ્યાલ નથી આવતો કે કોઈ એક જ કારકિર્દીને પસંદ કઈ રીતે કરવી? કયા ક્ષેત્રે આગળ વધવુ એ કઈ રીતે ખબર પડે એના વિષે પૂરતી માહિતી આપશો.**

**- કિરીટ મકવાણા**

કારર્કિર્દી માટેનાં વિકલ્પો અનેકો છે. જ્યારે તમે શું કરવાં ઈચ્છો છો એ ખરેખર તમને ખબર નાં હોય ત્યારે કારર્કિર્દીની પસંદગી કેવી રીતે કરશો ? શું આ એક દુષ્કર કાર્ય લાગે છે ? ના નથી. તમારે નિર્ણય કરવાં માટે બસ તમારો થોડોક સમય અને શક્તિ આપવાનાં છે, તમારો પ્રયત્ન અંતમાં ફળદાયી જ રહેશે. એક સારી કારર્કિર્દીની પસંદગી કરવા માટે અમુક ઉપાયોની વાત કરીએ તો એક છે સ્વની સમીક્ષા. એટલેકે તમે કારર્કિર્દીની પસંદગી કરો એ પહેલા તમો એ સ્વયંને જાણવાં અને ઓળખવાં પડશે. તમારા મુલ્યો, રૂચી, અને કોશલ્ય તમારી વ્યક્તિગત લાક્ષણિકતાઓનાં સંયોજનને ધ્યાને લેતાં ખાસ કરીને અમુક કારકિર્દી તમારા માટે અનુકુળ રહેશે જ્યારે અમુક પ્રતિકુળ. તમે સ્વ આકારણી સાધનોનો (સેલ્ફ એસેસમેન્ટ ટૂલ્સ) ઉપયોગ કરી શકો છો જેને કારકિર્દી પરિક્ષણો કહેવાય છે. માહિતી એકઠી કરો જે પછીથી તમારાં માટે યોગ્ય અને અનુકુળ વ્યાવસાયોની યાદી બનશે.અમુક લોકો કારકિર્દી સલાહકારોની સેવા લેવાનું પસંદ કરે છે અથવા અમુક સલાહકારો આ પ્રકારનાં પરિક્ષણોની તરફેણ કરે છે પણ ઘણાં લોકો ઈન્ટરનેટ અને વેબ સાઈટ પર વિનામૂલ્યે ઉપલબ્ધ કારકિર્દી પરિક્ષણોનો વિકલ્પ પસંદ કરે છે.ત્યાર બાદ કરવા યોગ્ય વ્યવસાયોની યાદી બનાવો. કદાચ તે યાદી લાંબી બને. તમે એને ૫ થી ૧૦ વ્યાવસાય ધરાવતી ટુંકી યાદીમાં ફેરવી શકો. એક થી વધારે યાદીમાં આવતાં વ્યાવસાયો ઉપર વર્તુળ કરો. જેને તમે અગાઉ લક્ષમાં લીધેલ હોય અને આકર્ષક લાગતાં હોય તેવાં વ્યાવસાયો પર વર્તુળ કરો. યાદીમાંનાં દરેક વ્યાવસાયોની




કામગીરીનું વર્ણન, શૈક્ષણિક યોગ્યતાં અને અન્ય જરૂરિયાતો, કામગીરીનો અંદાજ, વિકાસની તકો, અને આવક પર નજર કરો. હવે તમારે વધુ વિસ્તાર અને ઉંડાણ થી માહિતી મેળવવી આવશ્યક રહેશે. તમને જે વ્યાવસાયમાં રૂચી છે તેમાં જે લોકોને તેનું પ્રાથમિક જ્ઞાન છે એ આ પ્રકારની માહિતી માટે તમારા માટે ઉતમ સ્રોત બની રહેશે. એ લોકો પાસેથી જે તે વ્યવસાય માટેની માહિતી પ્રાપ્ત કરી શકો છો. તમારા સંશોધનનાં આધારે તમે જે શિખ્યા તેનાં પરથી તમારી યાદીને ધીમે-ધીમે ઘટાડતાં જાવ. દા.ત તમે એવાં વ્યાવસાયમાં સમય અને શકિત વ્યય કરવાં ઈચ્છશો નહિ જેમાં તમારે હજુ વિશેષ ડિગ્રી મેળવવાની જરૂરીયાત રહેતી હોય અથવા જે કોઈ વ્યાવસાયની આવક તમને અપુરતી લાગતી હોય. હવે તમારે જેમાં આગળ વધવું છે એવાં એક વ્યાવસાય પર નિર્ણય કરી લેવાનો રહે છે. હવે સમય છે એક યોજનાં અમલમાં મુકવાનો જે તમને છેવટે આ ક્ષેત્રમાં નોકરી શોધી આપે, પણ એ પહેલાં તમારે અમુક લક્ષ્યો નક્કી કરવાં પડશે. લક્ષ્ય નક્કી કર્યા બાદ ત્યાં સુધી કેમ પહોંચવું એ તમારે નક્કી કરવાનું થશે. તમારા ટુંકા અને લાંબા ગાળાનાં લક્ષ્યોને મેળવવાંમાં કારકિર્દી સંબંધી કાર્યલક્ષી કાર્યક્રમ તમારૂ માર્ગદર્શન કરશે.આમ આ તબક્કા વાર પ્રક્રિયામાંથી પસાર થયા બાદ આપ ચોક્કસ કોઈ એક કારકિર્દી ઉપર પસંદગી ઉતારી શકસો. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

**૩. હું ૧૨ સાયન્સમાં અભ્યાસ કરું છું. બી.એ.એમ.એસ ડિગ્રી વિષે માહિતી આપશો.**

**- રોનક પટેલ, ભાવનગર**

બેચલર ઓફ આયુર્વેદિક મેડિસિન એન્ડ સર્જરી (બીએએમએસ) તબીબી ક્ષેત્રે સંકલિત ભારતીય ડિગ્રી છે. આ ડિગ્રી પ્રોગ્રામ એ એવા વિદ્યાર્થીઓને અપાય છે જેઓ આધુનિક દવાઓ અને પરંપરાગત આયુર્વેદનો અભ્યાસ કરે છે. આયુર્વેદ વિશ્વની પ્રાચીન તબીબી પદ્ધતિઓમાંની એક છે. તે તેની મૂળ વેદિક અવધિ તરફ દર્શાવે છે બી.એમ.એસ. (આયુર્વેદિક દવા અને સર્જરીનો સ્નાતક) એ આયુર્વેદિક દવા અને શસ્ત્રક્રિયા પ્રણાલીની શરૂઆતની ડિગ્રી છે, આયુર્વેદિક દવા અને સર્જરી (બે.એમ.એ.એસ.)ની બેચલર આયુર્વેદિક પદ્ધતિમાં સ્નાતક ડિગ્રી કોર્સ છે. આ ડિગ્રી ૫ વર્ષ અને ૬ મહિનાની ડિગ્રી પ્રોગ્રામ પૂર્ણ કર્યા પછી આપવામાં આવે છે જેમાં ૪ અને ૧/૨ વર્ષના શૈક્ષણિક સત્ર અને જીવંત વ્યવહાર સાથે એક વર્ષનો ઈન્ટર્નશીપ પ્રોગ્રામ છે. યુ.જી.(અન્ડર ગ્રેજ્યુએટ) ડિગ્રી કોર્સને પ્રત્યેક ૧.૫ વર્ષના ત્રણ ભાગોમાં વિભાજિત કરવામાં આવે છે. આ વિભાગો ત્રણ વ્યાવસાયિક અભ્યાસક્રમો તરીકે ઓળખાય છે. પ્રથમ વ્યવસાયિક કોર્સમાં વિદ્યાર્થીઓને આયુર્વેદિક પદ્ધતિના શરીરરચના, શરીરવિજ્ઞાન અને ઈતિહાસ વિશે શીખવવામાં આવે છે. બીજા કોર્સમાં તેઓને ઝેરી વિજ્ઞાન અને ફાર્માકોલોજી વિશે શીખવવામાં આવે છે અને અંતિમ કોર્સમાં શસ્ત્રક્રિયા, ઇ.એન.ટી., ત્વચા, પ્રસૂતિશાસ્ત્ર અને



સ્ત્રીરોગવિજ્ઞાન શામેલ છે.આપ હાલ ૧૨ સાયન્સ માં છો તો બરાબર મેહનત કરી ને સારા માર્કસ લાવી આપ આ ક્ષેત્ર માં આગળ વધી શકો છો. હાલમાં આયુર્વેદિક દવાઓ અને સારવારની માંગ ખૂબ વધી છે. વધુમાં લોકોનો તેના પર વિશ્વાસ પણ ખૂબ વધ્યો છે. લોકો વિદેશોમાંથી ભારત આયુર્વેદિક સારવાર લેવા સ્પેશિયલ આવતા થયા છે. ભારત સરકાર દ્વારા પણ ખાસ આયુષ નામક મંત્રાલય બનાવવામાં આવ્યું છે જેથી આવી વૈકલ્પિક ઉપચારની પદ્ધતિઓને પ્રોત્સાહન મળે. તેથી આ ક્ષેત્રે એક ઉજ્જ્વળ ભવિષ્ય ચોક્કસ બની શકે છે. શુભકામનાઓ એક સફળ અને ઉજ્જવળ કારકિર્દી માટે.

આપના પ્રશ્નો અને સૂઝવો અમને અહી મોકલી આપો:
ઈમેલ:questions.careercorner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercorner

# ૨૧ સપ્ટેમ્બરથી ઔદ્યોગિક તાલિમ સંસ્થાઓ ફરીથી ખુલી જશે

ગાંધીનગર, તા. ૧૧

કોવિડ-૧૯ મહામારીને કારણે લદાયેલા લૉકડાઉનને પરિણામે રાજ્યમાં માર્ચ મહિનાથી બંધ રહેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ (ITIs) ૨૧ સપ્ટેમ્બરથી ફરી ખુલી જશે અને તાલિમ કામગીરી પુનઃ શરૂ કરશે તેવી જાહેરાત રાજ્ય સરકારે કરી છે. સોશ્યલ ડીસ્ટન્સીંગ જાળવવા માટે ક્ષમતા અને જગ્યાની ઉપલબ્ધીના અવરોધોને ધ્યાનમાં રાખીને બેચના વર્ગો અલગ અલગ સમયે લેવામાં આવશે.

છ માસ, એક વર્ષ અને બીજા વર્ષના અભ્યાસક્રમના બીજા વર્ષના વર્ગો તા. ૨૧ સપ્ટેમ્બરથી શરૂ કરવામાં આવશે. જ્યારે બે વર્ષના અભ્યાસક્રમના પ્રથમ વર્ષના વર્ગો તા. ૧ ઓકટોબરથી શરૂ થશે. છ માસ, એક વર્ષ અને બીજા વર્ષના અભ્યાસક્રમના બીજા વર્ષની પરીક્ષા નવેમ્બરના પ્રથમ સપ્તાહમાં લેવામાં આવે તેવુ આયોજન કરવામાં આવ્યું છે.

માર્ગદર્શિકા મુજબ, બે વર્ષના અભ્યાસક્રમના પ્રથમ વર્ષના ઉમેદવારો તેમનો અભ્યાસક્રમનુ પ્રથમ વર્ષ પૂર્ણ કરે એટલે તેમને બીજા વર્ષમાં કામચલાઉ ધોરણે પ્રવેશ આપી દેવામાં આવશે. તેમની તાલિમ નવેમ્બરમાં શરૂ કરવાનુ આયોજન છે, જ્યારે પ્રથમ વર્ષની પરીક્ષા ડિસેમ્બર માસમાં યોજવાની દરખાસ્ત છે.

અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટે આશરે ૨૦૦થી ૨૫૦ કલાકની તાલિમની જરૂર પડશે. જરૂર પડે તો રજાના દિવસે પણ વર્ગો લેવાશે.

સોશ્યલ ડીસ્ટન્સીંગ જાળવવા માટે ૨૦૨૦-૨૧/૨૨ના સત્રમાં પ્રવેશ આપવામાં આવ્યો હોય તે વિદ્યાર્થીઓ અગાઉની બેચના વિદ્યાર્થીઓની પરીક્ષા પૂરી થાય નહી ત્યાં સુધી થીયરીના વિષયના ઓનલાઈન કલાસમાં જોડાશે, જ્યારે પ્રેકટીકલ તાલિમ અભ્યાસક્રમ મુજબ પૂરી કરવામાં આવશે.